Research Review ISSN: 2321- 4708
The Refereed & Peer Review International Journal July 2016, Year - 3 (39)
www.researchreviewonline.com Paper ID: RRJ510488

# મોતીલાલ તેજાવતની આદિવાસી ચળવળ.

રજુકર્તા
ડૉ. શૈલેશ બી. સોલંકી
એસોસિયેટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ
ગુજરાત આર્ટસ અને કોમર્સ કોલેજ (સાંજની), અમદાવાદ

---

સમય પરિવર્તનશીલ છે. તેથી સમયની દરેક ક્ષેત્રમાં પરિવર્તન થતું રહે છે. આજના વૈજ્ઞાનિક યુગમાં લોકો ઇતિહાસ વિષયને એકદમ નિરસ માને છે.' પરંતુ ઇતિહાસના બદલાયેલા ખ્યાલેમાન્યતાને ખોટી સાબિત કરી છે કે ઈતિહાસએ રાજા-મહારાજાઓના યુદ્ધોની યશગાથાઓજ નથી. પરંતુ આજનો ઈતિહાસ લેખન વિજ્ઞાન અને ટેકનોલોજીના ઈતિહાસ લેખન તરફ ગતિ કરી રહ્યું છે . ઇ.સ.૧૯૦૦ના દાયકામાં સબરટન નામની ઈતિહાસ લેખન પધ્ધતિ આવિષ્કાર પામી. જેના પ્રયોજક હતા શ્રી રણજીત ગુહા.જેમણે સૌપ્રથમ પ્રતિપાદિત કર્યું કે ઇતિહાસ એ માત્ર ભદ્ર વર્ગ નો ઇતિહાસ ન હોઈ શકે અને તેથી ખેડૂતો મજૂરો આદિવાસીઓ દલિતો અને સ્ત્રીઓનો ઇતિહાસ લખવાનો પ્રારંભ થયો.

ભારતમાં થયેલ બિરસા મુંડા આંદોલન, દાનાભગત આંદોલન, ગુજરાતના પંચમહાલ નાયકોની ચળવળ, ગુરુ ગોવિંદ ની ચળવળ વગેરે આદિવાસી ચળવળોમાં આદિવાસી નેતૃત્વના દર્શન થાય છે. જેમણે સુષુપ્ત અવસ્થામાં જીવતાં આદિવાસી સમાજને ચેતનવંતો બનાવીને બ્રિટિશ સરકાર અને દેશી રજવાડાઓ સામે શોષણ અને અત્યાચાર વિરુધ્ધ પ્રતિકાર કરવાનું બળ પૂરું પાડ્યું હતું.

શ્રી મોતીલાલ નો જન્મ રાજસ્થાનના કોલીયારી ગામમાં ૮મી જુલાઇ ૧૮૮૭ ના રોજ વણિક જ્ઞાતિ માં થયો હતો . તેમને તેમનું પ્રાથમિક શિક્ષણ પોતાના જ ગામમાં લીધેલું હતું.સામાન્ય રીતે આપણને એવો પ્રશ્ન ઉદભવે કે શ્રીતેજાવત વણિક જ્ઞાતિના હતા અને ઉચ્ચ જન્મેલ વ્યક્તિ આદિવાસી સમાજના ઉધ્ધારનું કાર્ય શા માટે કરે? શ્રી તેજાવત નો જન્મ રાજસ્થાનના મેવાડ પ્રદેશમાં થયો હતો.તે આખો પ્રદેશ પર્વતોથી

ઘેરાયેલો. આ પર્વતોમાં પ્રાચીનકાળથી આદિવાસી પ્રજા વસવાટ કરતી હતી તથા સદીઓથી તેમનું શોષણ કરવામાં આવતું હતું.શ્રી તેજાવતએ જાગીરદારને ક્યાં નોકરી દરમિયાન જાગીરદાર સાથે આસપાસના પ્રદેશોમાં જવાનું હતું તે સમયે તેમણે આદિવાસી નું શોષણ થતું હતું.[૧]

પોતાના ભ્રમણ દરમિયાન ઘણી વખત શ્રી તેજાવતે જોયું કે ભીલો, ગરાસીયા અને ગરીબ ખેડૂતોને પકડીને તેમની પાસેથી જબરદસ્તી કર વસુલ કરવામાં આવે છે. કર આપવાની ના પાડનાર ને લાકડીથી અથવા જૂતાઓથી પીટવામાં આવતા હતા. આદિવાસીઓને શારીરિક વેદનાઓ આપવી તે જાગીરદારો માટે આમ વાત બની ગઈ હતી. જાગીરદારોના અત્યાચારોનો ભોગ મોતીલાલ તેજાવત પણ બન્યા હતા. જાગીરદાર શ્રી કરણસિંઘે મોતીલાલના પિતાને વગર કસુરે જુતા મારવાની ધમકી આપી રૂપિયા ૫૦ નો દંડ કરેલો તથા તેમના કાકા અને તેમના પિતરાઈ ભાઈ પન્નાલાલને પણ કોઈ જાતના કસુર વિના માર માર્યો હતો.[૨] આમ જાગીરદારો નો અત્યાચારોના તેઓ પ્રત્યક્ષ સાક્ષી હતા.

ઈ.સ. ૧૯૧૨ થી ૧૯૨૦ સુધી આઠ વર્ષ જાગીરદાર ને ત્યાં નોકરી કર્યા પછી તેમણે આ નોકરીનો ત્યાગ કર્યો. ત્યારબાદ તેઓ જડોલમાં જ એક શેઠને ત્યાં મુનીમ તરીકેનું કામ સ્વીકાર્યું.[૩] પોતાની આ નોકરી દરમિયાન મોતીલાલ અનેક ભીલોના સંપર્કમાં આવ્યા. તેમણે જોયું કે આદિવાસી પ્રજા સાથે વેપારીઓ પશુથી પણ બદતર વ્યવહાર કરે છે. તેમની મજૂરીની કમાઈ જાગીદાર દ્વારા લેવામાં આવતી હતી.ભીલો જે કર ભરે તેની રસીદ આપવામાં આવતી ન હતી. તેમને ધીરેલાનાણાનું વ્યાજનું વ્યાજ ચક્રવૃધ્ધિ વ્યાજ વસૂલ કરવામાં આવતું હતું. આમ શાહુકારી ચોપડા માં ફસાયેલા અભણ ભીલો અને ગરીબ ખેડૂતો કદી પણ ચોપડાની ઇન્દ્રજાળ માંથી નીકળી શકતા ન હતા.

**મોતીલાલ તેજાવાતની આદિવાસી ચળવળ :-**

શ્રી મોતીલાલ તેજાવતે આંદોલનની તૈયારી રૂપે જગ્યાએ જગ્યાએ ફરીને ખેડૂતો અને આદિવાસીઓને ચળવળમાં જોડવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. ગુપ્ત રીતે ભોમટ ક્ષેત્રમાં આંદોલનના ઉદેશને પ્રસારિત કર્યા હતા. તેમણે ગરીબ ખેડૂતો અને બીલો ને સમજાવ્યું કે જો તેમણે વેઠ પ્રથા અને શોષણ માંથી મુક્ત થવું હશે તો સંગઠિત બનવું

પડશે. શ્રી તેજાવતે માતૃકુંઢીયા ગામમાં એક સભાનું આયોજન કર્યું અને તેમાં નિર્ણય લેવામાં આવ્યો કે જ્યાં સુધી ખેડૂતોના પ્રશ્નો ની જાણકારી મહારાણા સમક્ષ રજૂ કરવામાં ના આવે ત્યાં સુધી કોઈપણ ખેડૂતે કર ભરવો નહીં. ઈ.સ.૧૯૨૧માંબદરાની બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો કે ખેડૂતોના પ્રશ્નોની જાણકારી મહારાણા ને આપવા ઉદયપુર જવું. એક પ્રતિનિધિમંડળ તૈયાર કરવામાં આવ્યું. જેમાં ૪૨ વ્યક્તિઓનો સમાવેશ થતો હતો.શ્રી તેજાવતે પોતાના પુસ્તકમાં ઉલ્લેખ કર્યો છે કે ગામેગામ આ પ્રતિનિધિમંડળનું સ્વાગત થતું હતું.[૪] આ આદિવાસી ચળવળમાં 'કેસરડી ખેડી'ના જાટો તો પણ જોડાયા હતા.

માતકલા ગામ ની બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો કે દરેક ગામના પ્રતિનિધિઓએ લેખિત રિપોર્ટ સાથે ઉદેપુર પહોંચી જવું. મોતીલાલ અને તેમના અનુયાયીઓ દ્વારા પિછોલા તળાવને કિનારેસભા ભરવામાં આવી હતી. આ જ સમય દરમિયાન ખેડૂતોના પ્રશ્નોને લઈને મોતીલાલે 'મેવાડ' નામનું પુસ્તક લખ્યું હતું.[૫] જાગીરદારો અને અધિકારીઓએ આ લડતને દબાવવા માગતા હતા. તેઓ ખેડૂતના પ્રશ્નો મહારાજાની સમક્ષ ન પહોંચે તેવું ઇચ્છતા હતા. પરંતુ તેમની કોઈ યુક્તિ સફળ થઈ ન હતી. મોતીલાલ અને તેમની સાથે આવેલા પ્રતિનિધિઓ દ્વારા ૨૧ માગણીઓનું સૂચિપત્ર તૈયાર કરવામાં આવ્યું હતું. ત્યારે તેઓ મહારાણાને મળવા માટે ગયા ત્યારે તેમણે ખેડૂતોની ૨૧ માગણીઓનું સૂચિપત્ર મહારાણા સમક્ષ રજૂ કર્યું તેમાંથી ૧૮ જેટલી માગણીઓ મહારાજા દ્વારા સ્વીકારવામાં આવી હતી.03 માગણીઓ નકારી કાઢવામાં આવી હતી. જેમાં

1) જંગલની વનસ્પતિના ઉપયોગ અંગેની
2) વેઠપ્રથા
3) સુવારોને પકડવા જેવી બાબતોનો સમાવેશ થતો હતો.

મહારાણા દ્વારા ૧૮ જેટલી માંગણીઓનો સ્વીકાર કરવામાં આવ્યો. તેથી ખેડૂતો ને સંતોષ થયો. તેઓ આને પોતાનો વિજય સમજીને વેરાઈ ગયા પરંતુ મોતીલાલ તેજાવતની ચળવળ આટલેથી અટકતી નથી કારણકે શ્રી તેજાવત ને ૧૮ જેટલી માંગણીનો સ્વીકાર થયો તેનાથી સંતોષ થયો ન હતો. મોતીલાલે ઉદયપુર છોડવાનો

નિર્ણય કર્યો અને ત્યાર પછી તેઓ આદિવાસી તરફ વધારે ધ્યાન આપવા લાગ્યા. તેઓ ભીલોના ઘરે ઘરે જઈને તેમની પરિસ્થિતિનો તાગ મેળવતા હતા. આદિવાસી સમાજ પણ તેમને પોતાના સુધારકના રૂપમાં જોતો હતો. મોતીલાલ તેજાવતની આદિવાસી ચળવળના દીતીય ચરણમાં 'એકી ચળવળ ' ફક્ત મેવાડ પૂરતી સીમિત ન રહી હવે તેની અસર ગુજરાતના દાંતા, પાલનપુર, પોશીના, ખેડબ્રહ્મા, ઈડર અને વિજયનગર મહાલ સુધી ફેલાઈ હતી. શ્રી તેજાવત મેવાડ થી ઈડર અને વિજયનગર થી મહાલ સુધીની યાત્રા કરી. આ પંથકના તમામ ભીલોને એકી ચળવળમાં જોડાયા હતા.

'એકી ચળવળ'માં જોડાયેલા ભીલોએ રજવાડાઓને કર આપવાનું બંધ કર્યું હતું. મેવાડના કોટડા,માદ્રી અને ઝડોળ જેવાવિસ્તારના ખેડૂતોએ કર આપવાની ના પાડી હતી.[૬] ધીમે ધીમે 'એકી ચળવળ'ની અસર મેવાડની આસપાસના વિસ્તારમાં ફેલાઈ હતી. માધુરી નજીક શ્રી મોતીલાલ તેજાવતે ૯ ડિસેમ્બર ૧૯૨૧ના રોજ એક સભા ભરી હતી.[૭] મોતીલાલ તેજાવતે આ સભામાં ભીલોને 'એકી ચળવળ માં જોડવા તથા ક્યા કર ભરવા અને ક્યાં નહીં ભરવા તે વિશે ચર્ચાઓ થઈ હતી. ૧૫ જાન્યુઆરી૧૯૨૨ના રોજ મોતીલાલ તેજાવત સિરોહી રાજ્યમાં પ્રવેશ્યા હતા. તેમનો સામનો કરવા માટે સિરોહી જાગીરદારોએ માણસો એકઠા કર્યા હતા.[૮] શિરોહીના રોકાણ દરમિયાન તેમની મુલાકાત ગાંધીજીના બે અનુયાયીઓ સાથે થઈ હતી. મોતીલાલ ની યાત્રા દરમિયાન ઠેરઠેર ભીલો દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવતું હતું. ઉપરાંત તેમને નાળિયેર અને કંકુ જેવી વસ્તુઓ ધરાવવામાં આવતી હતી.[૯] સિરોહીમા સભા પતાવીને તેઓ પાલનપુર તરફ રવાના થયા હતા. પાલનપુરના રોકાણ દરમિયાન તેમને દાંતા ના મહારાજા કુમારનો ધમકીભર્યો પત્ર મળ્યો હતો. તેમાં ચેતવણી આપવામાં આવી હતી કે તેઓ દાતા ની હદમાં ન પ્રવેશે નહિતર માર્યા જશેમોતીલાલે [૧૦] .તેમની ધમકીને ગણકાર્યા વગર દાતા રાજ્યમાં પ્રવેશ કર્યો હતો.તાના મુકામ પછી તેઓ ખેડબ્રહ્મા જવા .માટે રવાના થયા હતાદા હજારોની સંખ્યામાં ભીલો તેમની સાથે હતા.

મોતીલાલ તેજાવત અને ભીલો વચ્ચે એવી સમજૂતી થઈ કે તેઓ ઉદયપુર જઈને મહારાજાને મળે કારણકે ભીલોની સમસ્યાઓનું નિરાકરણ લાવવું જરૂરી હતું. મોતીલાલ તેજાવત અને ભીલો ઉદયપૂર જવા માટે રવાના થયા. તેમણે ઉદેપુર જવામાટે ઘોડાદર, પાલ અને ખેરવાડા થઈને જવાનો રસ્તો પસંદ કર્યો હતો.[૧૧] તેઓ આ રસ્તે થઈને ઉદયપુર તરફ જઈ રહ્યા છે. તેની જાણ ખેરવાડાના પોલિટિકલ એજન્ટને થઈ હતી. ઉદયપુર જતી વખતે રસ્તામાં પાલદઢવાવ ગામે મોતીલાલે એક દિવસનું રોકાણ કર્યું હતું તેમણે ત્યાં ભીલોની સભા ભરી હતી અને ભીલોને 'એકી ચળવળ ' મા જોડાવા અનુરોધ કર્યો હતો.૭ માર્ચ ૧૯૨૨ના રોજ પાલ દઢવાવ ગામે મોતીલાલ અને ભીલો વચ્ચે સભા યોજાઈ રહી હતી.તેની જાણ ખેરવાડામાં થઈ હતી. તેથી આ સભાને રોકવા માટે બ્રિટિશ અધિકારી મેજર સટ્ટન અને મેવાડ ભીલ કોપ્સ ત્યાં પહોંચી ગઇ હતી. શાંતિ પૂર્વક ચાલતી આ સભા પર મેજરે ગોળીબાર કરવાનો આદેશ આપ્યો હતો. આ ગોળીબારમાં શ્રી તેજાવતના પગ પર ગોળી વાગી હતી. ભીલો તેમને ઉટ પર બેસાડીને સલામત સ્થળે લઇ ગયા હતા. આ હત્યાકાંડ 'દઢવાવ હત્યાકાંડ' તરીકે ઓળખાય છે. સરકારી અહેવાલ મુજબ આ બનાવમાં ૨૨ ભીલોના મૃત્યુ થયા છે. તેવું જાહેર કરવામાં આવ્યું હતું.[૧૨] પરંતુ સ્થાનિક લોકવાયકા મુજબ હજારો નિર્દોષ ભીલોએ જાન ગુમાવ્યા હતા. આ બનાવ પછી શ્રી તેજાવતનો અજ્ઞાતવાસ શરૂ થાય છે. પરંતુ અજ્ઞાતવાસમાં રહીને તેમણે 'એકી ચળવળ'ને બળ પૂરું પાડ્યું હતું. આજ સમય દરમિયાન મોતીલાલની મુલાકાત સિરોહીના દિવાન રમાકાંત માલવિયા અને રાજસ્થાન સેવા સંઘના પ્રમુખ વિજયસિંહ પથિક સાથે થઈ હતી. શ્રી તેજા વતની 'એકી ચળવળ' અને ભિલોમા તેમના સમાજ સુધારણાના કાર્યોની જાણ મહાત્મા ગાંધીને પણ થઈ હતી . મણિલાલ કોઠારીને મોતીલાલ તેજાવત પાસે મોકલ્યા હતા.શ્રી તેજાવતે પત્ર દ્વારા આદિવાસી ચળવળ અને આદિવાસી સમાજ સુધારણા ની માહિતી ગાંધીજી પાસે મોકલી હતી. મહાત્મા ગાંધીના કહેવાથી તેમણે આત્મસમર્પણ કરવાનું નક્કી કર્યું હતું .શ્રી તેજાવત સાત વર્ષ ના અજ્ઞાતવાસ પછી ઈ.સ.૧૯૨૯ન માં ખેડબ્રહ્મા મુકામે બ્રહ્માજી મંદિર પાસે આત્મસમર્પણ કર્યું હતું.[૧૩] પરંતુ ઇડર રાજ્ય તેમની પર કોઈ મુકદ્દમો ચલાવવામાં આવતું ન હતું. તેથી

શ્રી તેજાવતને ઉદયપુર રાજ્ય ને સોંપી દેવામાં આવ્યા હતા .[૧૪] ત્યાં તેમની પર કેસ ચલાવવામાં આવ્યો અને તેમને કારાવાસની સજા કરવામાં આવી. શ્રી તેજાવતને કારાવાસની સજા કરવામાં આવી તેથી રાજસ્થાનના એક કવિ દ્વારા તેને આ રીતે બિરદાવવા માં આવ્યું હતું.

भोमट भानु ने तुरंत, दियो जेल में भेज।
हिंदू रवि नहीं सह स्कयो, तेजावत रो तेज॥

શ્રી તેજાવતને ૨૩ એપ્રિલ ૧૯૩૬ સુધી કારાવાસમાં રાખવામાં આવ્યા હતા.[૧૫] ત્યારબાદ તેમને એ શરતથી મુક્ત કરવામાં આવ્યા કે તેઓ સરકારની પરવાનગી વગર આદિવાસી વિસ્તારોમાં ન જાય અને તેમણે ઉદયપુર રાજ્યની હદ બહાર જવાની પણ બંધી ફરમાવવામાં આવી હતી. ૨૪ એપ્રિલ ૧૯૨૯ના રોજ ;મેવાડ પ્રજા મંડળ'ની સ્થાપના કરવામાં આવી. જેના અધ્યક્ષ તરીકે મણિલાલ વર્માની નિયુક્તિ કરવામાં આવી હતી.૪ ઓક્ટોબર ૧૯૨૮ના રોજ મેવાડ પ્રજા મંડળ દ્વારા સત્યાગ્રહ શરૂ કરવામાં આવ્યો. જેમાં પ્રજા મંડળના ઘણા નેતાઓને સરકારે ગિરફતાર કર્યા હતા. શ્રી તેજાવત પણ આ સત્યાગ્રહમાં ભાગ લેવા માટે લોકોને પ્રોત્સાહિત કરતા હતા. તેથી સરકાર દ્વારા તેમને ફરીથી ગિરફતાર કરવામાં આવ્યા હતા.

૨૨ જાન્યુઆરી ૧૯૩૯ હૈદરાબાદમાં પણ સત્યાગ્રહ શરૂ થયો હતો. મોતીલાલ તેજાવત પણ આ સત્યાગ્રહથી પ્રેરિત થઈ તેમાં ભાગ લેવા ઈચ્છતા હતા. તેથી તેઓએ તેમના સાથી શ્રી ભવરલાલ પાલીલાલ અને પેન્ટર શ્રીકૃષ્ણ પારેખ સાથે હૈદરાબાદ જવા માટે નીકળ્યા હતા.[૧૬] પરંતુ ઇન્દોર પહોંચ્યા પછી તેમને સમાચાર મળ્યા કે આંદોલન સ્થગિત થઈ ગયું છે. તેથી તેમને ઉદયપુર પાછું ફરવું પડ્યું હતું. ઇ.સ. ૧૯૪૨માં જ્યારે હિન્દ છોડોની ચળવળ શરૂ થઈ ત્યારે મેવાડ પ્રજા મંડળ દ્વારા પણ આંદોલન શરૂ કરવામાં આવ્યું .

મોતીલાલ તેજાવત દ્વારા પણ આ આંદોલનમાં ભાગ લેવામાં આવ્યો હતો ઓગસ્ટ ૧૯૪૨માં તેમને ગિરફ્તાર કરવામાં આવ્યા હતા.[૧૭] ઉદયપુરની સેન્ટ્રલ જેલમાં રાખવામાં આવ્યા હતા. ત્રણ વર્ષ બાદ તેમને જેલમાંથી છોડવામાં આવ્યા અને ફરી એ જ

ISSN: 2321- 4708
July 2016, Year - 3 (39)
Paper ID: RRJ510488

સ્થિતિમાં રાખવામાં આવ્યા કે તેઓ ઉદયપુર ની સીમા બહાર ન જઈ શકે. મહાત્મા ગાંધી દ્વારા ઉદયપુર રાજ્યને અનુરોધ કરવામાં આવ્યો હતો કે શ્રી તેજાવતને આદિવાસી વિસ્તારોમાં જવા દે જેથી તેઓ આદિવાસી સમાજ સુધારણાનું કાર્ય કરી શકે પરંતુ ઉદેપુર રાજ્ય ગાંધીજીની આ વાતને સમર્થન આપ્યું ન હતું. ત્યારબાદ ૩૧ જાન્યુઆરી૧૯૪૭ ના રોજ તેમના પરથી પ્રતિબંધ ઉઠાવી લઈને તેમને મુક્ત કરવામાં આવ્યા હતા. પરંતુ શ્રી તેજાવતને સ્વતંત્રતાનો સાચો સ્વાદ તો ભારતને સ્વાધીનતા મળ્યા બાદ જ મળ્યો હતો. સ્વતંત્રતા બાદ તેઓએ ફરીથી આદિવાસી ક્ષેત્રમાં જઈને સમાજ સુધારાનું કાર્ય શરૂ કર્યું હતું. સ્વતંત્રતા બાદ ૧૯૪૮માં તેઓએ વિજયનગર પાલદૃઢવાવ ગામની મુલાકાત લીધી હતી. જ્યાં મેવાડ ભીલ કોપ્સ દ્વારા ભિલો પર ગોળીબાર કરવામાં આવ્યો હતો.શ્રી તેજાવતે આ સ્થળની મુલાકાત લઇ ને તેને વિરભુમી નામ આપ્યું હતું અને શહીદ થયેલા આદિવાસીઓને શ્રદ્ધાંજલિ રૂપે ફાગણ સુદ નોમના દિવસે મેળો ભરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. આ મેળો લગભગ ૧૯૭૭ સુધી ચાલુ રહ્યો હતો.[૧૮]

સાહિત્યકાર શ્રી રમણલાલ સોની, વડાલીના શંકર જોશી, ટીટોડીના કનુભાઈ રાવળ દ્વારા પોશીનામાં એક આદિવાસી પરિષદ યોજવામાં આવી. જેમાં મોતીલાલએ પણ હાજરી આપી હતી. શ્રી રમણલાલ સોની દ્વારા નોંધ કરવામાં આવી છે કે જ્યારે મોતીલાલ તેજાવત આવ્યા ત્યારે ભીલો મોટે મોટેથી મોતીલાલ અને બાવાજી આયો ની બુમો પાડતા હતા.[૧૯] શ્રી રમણલાલ સોની અને મોતીલાલ તેજાવતે એક અઠવાડિયા જેટલો સમય સાથે વિતાવ્યો હતો. રમણલાલ સોનીએ તેમને સાબરકાંઠાનો પ્રવાસ કરવા વિનંતી કરી હતી. જેનો તેજાવતે સહર્ષ સ્વીકાર કર્યો હતો. રમણલાલ સોની સાથે તેઓ મોડાસા આવ્યા હતા અને ત્યાં એક જાહેર સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.

ઈ.સ.૧૯૫૧માં સહારા નિર્વાચન ક્ષેત્ર મેં આદિવાસી જનતાએ વિધાનસભાની ચૂંટણીમાં ઊભા રહેવા માટે શ્રી તેજાવતને આગ્રહ કર્યો. મોતીલાલ તેજાવત રાજકારણમાં જોડાવા માગતા ન હતા. પરંતુ પ્રજા પ્રેમ સામે ઝૂકીને તેમણે ચુંટણીમાં ઉભા રહેવાનો નિર્ણય કર્યો પરંતુ કોંગ્રેસ દ્વારા કોઈ બીજા વ્યક્તિ ને ચૂંટણીમાં ઊભા રાખવાનું નક્કી

ISSN: 2321- 4708
July 2016, Year - 3 (39)
Paper ID: RRJ510488

કરવામાં આવ્યું હતું. એ વાતમાં કોઈ સંદેહ ન હતો કે શ્રી તેજાવત જ્યાં સુધી ચૂંટણીમાં ઉભા રહે ત્યાં સુધી સામેના ઉમેદવાર નો જીતવાનો સંભવ ઓછો હતો. સ્થાનિક કોંગ્રેસી નેતાઓએ પંડિત જવાલાલ નેહરૂ દ્વારા મોતીલાલ તેજાવત પર દબાણ કરાવ્યું કે તેઓ ચૂંટણીમાંથી ખસી જાય પરંતુ તેજાવત તો નિસ્વાર્થ વ્યક્તિત્વ ધરાવતા હતા. તેમણે સત્તાલાલસા માટેજરા પણ લાલચ ન હતી. આથી જ તેમણે તરત જ ચૂંટણીમાંથી પોતાની ઉમેદવારી પાછી ખેંચી લીધી હતી.

શ્રી મોતીલાલ તેજાવત નું સમગ્ર જીવન સંઘર્ષમાં વીત્યું હતું. આદિવાસીઓને શોષણ અને અત્યાચાર માંથી મુક્ત કરાવવા માટે તેમણે પોતાનું સમગ્ર જીવન સમર્પિત કરી દીધું હતું. ૧૯૬૩ પાંચમી સપ્ટેમ્બરના રોજ તેમનું અવસાન થયું હતું.[२०] પરંતુ આજે પણ તેઓ આદિવાસી જનમાનસમાં જીવે છે કારણ કે તેઓ કોઈ સામાન્ય વ્યક્તિ નહીં આદિવાસીઓના મસીહા હતા.

### સંદર્ભ સૂચી

૧. काकरिया प्रमसिंह , मोतीलाल तेजावत, उदयपुर, १९८६, पु २१.

૨. પટેલ અંબાલાલ, અમીરગઢ પટ્ટાના આદિવાસી ગરાસીયાની સામાજિક આર્થિક તપાસ, અમદાવાદ,૧૯૯૮ પૃ.-૧૭૫ .

૩. काकरिया प्रमसिंह, पूर्वोत्क,પૃ.२१

૪. એજન પૃ.- ૨૩

૫. એજન પૃ. ૩૧.

૬. National archives of India Foreign and political department, telegram P. No 762 From The Agent to the Governor General in Rajputana, To- The Political Secretary to the Government of India dated 29 January 1922.

૭. National archives of India Foreign and political department, telegram P. No 226 From- The secretary of the Government of Bombay, To- The Governor General in Rajputana 21st January 1922.

૮. NAI, F&P, Telegram No.762 op.cit.

૯. National archives of India Foreign and political department, Statement of Tekchand son of the Ratanlal Brahmin residence of Baroti under para at present residing in Koliyari, Mewar,age 40 years occupation beggar.

૧૦ Ibid.

૧૧ Ibid.

૧૨ National archives of India Foreign and political department, Press communique, 10th March 1922.

૧૩ काकरिया प्रमसिंह, पूर्वोत्क,પૃ.૭૭

૧૪ એજન ૬૮ .

૧૫ એજન ૫૯.

૧૬ એજન ૬૫.

૧૭ એજન ૬૮.

૧૮ ક્ષેત્રકાર્યનો નિષ્કર્સ

૧૯ काकरिया प्रमसिंह, पूर्वोत्क,પૃ.૭૮

૨૦ એજન પૃ.૭૭